મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ના ૮૫ ઉમેદવારોને નિમણુક અપાઈ

ગાંધીનગર, તા. ૧૨

રાજયની સરકારી વિનયન, વાણિજય, વિજ્ઞાન તથા કાયદા વિદ્યાશાખાની કોલેજના ભણાવાતા કુલ ૨૬ વિષયો પૈકી હાલ ૧૨ વિષયના કુલ ૮૫ મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગે વિગતવાર નિમણૂક આપી દીધી છે. જે વિષયોના મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨ની નિમણુક કરી દેવાઈ છે તેમાં ઉર્દુમાં -૧, પર્શીયનમાં-૧, તત્વજ્ઞાનમાં-૨, ભૂસ્તરશાસ્ત્રામા-૧, ભૂગોળમાં-૩, ગણિતશાસ્ત્રમાં-૪, રાજયશાસ્ત્રામાં-૧, ભૌતિકશાસ્ત્રામાં-૧૩, ગુજરાતીમાં-૨૬, વાણિજયમાં-૧૦, ઈતિહાસમાં-૧૮ તથા માઈક્રોબાઈલોજીમા-૫ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની સામાન્ય સભા આજે સર્કિટ હાઉસમાં

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગણેશોત્સવ ઉજવવામાં આવશે : ૧૩થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર અનેક ખાસિયતોમાં અહીં ઉજવાતા ગણેશોત્સવનું પણ અવિભાજય સ્થાન છે. વર્ષોની પરંપરા મુજબ આ વર્ષે પણ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, સેક્ટર-૨૨ દ્વારા ૪૯મો ગણેશોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની અખબારી યાદીમાં સમિતિના અધ્યક્ષ નિશિત વ્યાસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ ઉજવણી તારીખ ૧૩થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન ઉજવવાનું નિયત કરવામાં આવ્યું છે. આ હેતુ હોદ્દેદારો, કાર્યકર્તાઓ માટે એક સાધારણ સભાનું આયોજન તા. ૧૩ જુલાઈ ને શુક્રવારના રોજ સાંજે ૭ કલાકે કરવામાં આવ્યું છે, જેમાં વર્ષ ૨૦૧૭-૧૮ના આવક-જાવકના હિસાબોને બહાલી આપવામાં આવશે તથા નવા વર્ષ માટે હોદ્દેદારો અને કાર્યકર્તાઓની વરણી કરવામાં આવશે. તમામ ધર્મપ્રેમી નગરજનો, સમિતિના હોદ્દેદારો અને કાર્યકરો ઉપરાંત રસ ધરાવતા તમામને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા તેમણે ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

ઍન કે સ્કૂલ ઑફ કૉમર્સનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૨

શ્રી ઍન કે સ્કૂલ ઑફ કૉમર્સ, ગાંધીનગરની વિદ્યાર્થિની રીઝા મહમદઆસિફ મનસુરી બોર્ડ દ્વારા માર્ચ, ૨૦૧૮માં લેવામાં આવેલી ધોરણ-૧૨ કૉમર્સની પીરક્ષામાં ૫૯૧ માર્ક્સ સાથે ઉત્તીર્ણ થઈ હતી. તેણે રિચેકિંગ કરાવતાં તેના ગુજરાતી વિષયમાં ૬૮ માર્ક્સને બદલે ૮૬ માર્ક્સ હોવાનું તારણ આવ્યું હતું. આમ તેનું પરિણામ હવે ૬૦૯ માર્ક્સ (૮૭ ટકા, ૯૯.૫૯ પર્સેન્ટાઈલ) સાથેનું થાય છે, જે બદલ શાળા પરિવાર તરફથી તેને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે વિદેશ અભ્યાસ અંગે સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ઉદ્શી અને પ્લેસમેન્ટ સેલ દ્વારા જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના સહયોગથી એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં વિદેશમાં અભ્યાસ કે રોજગારીની કેવી અને કેટલી તકો ઉપલબ્ધ છે તે અંગે વિસ્તૃત જાણકારી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ ઉપરાંત વિદેશમાં અભ્યાસ માટે નડતી અડચણો કે પછી નકલી એજન્ટો દ્વારા થતી છેતરામણીથી કેવી રીતે બચી શકાય તે માટે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જિલ્લા રોજગાર વિનીમય કચેરી તરફથી વિશ્વનાથ અને મિતાંશી પટેલે આ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સમગ્ર સેમિનારનું આયોજન કચેરીના નિર્મલ પટેલ અને કૉલેજના ઉદીશા-પ્લેસમેન્ટ સેલના કન્વીનર ડૉ. નરેન્દ્ર કે પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ માર્ગદર્શન અને આભારદર્શન કર્યું હતું. કૉલેજની ૧૨૫થી વધારે વિદ્યાર્થીઓએ આ સેમિનારનો લાભ લીધો હતો.

રાજ્યની શાળાઓને ફી નિયત કરવા સુપ્રિમ કૉર્ટ દ્વારા બે સપ્તાહની મુદત

ગાંધીનગર, તા. ૧૨

સરકાર દ્વારા રચાયેલી ફી કમિટી સમક્ષ ધરાર નહીં જઈને પોતાની રીતે જ સ્કૂલની ફી નક્કી કરનારી સ્કૂલોને સુપ્રીમ કોર્ટે લપડાક મારી છે. ગુજરાતમાં તમામ સ્કૂલની ફી નક્કી કરવાની સત્તા સરકારની ફી કમિટીની હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટે તમામ બાકી રહેલી સ્કૂલોને બે અઠવાડિયામાં ફી સમિતિ સમક્ષ દરખાસ્ત કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે ફી મુદ્દે આપેલા વચગાળાના ચુકાદા બાદ વાલી મંડળે જે શાળાઓએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી કરી તેમની ફી જ્યાં સુધી નક્કી ન થાય ત્યાં સુધી ફી ન ભરવા વાલીઓને અપીલ કરી છે. ફી કમિટી સમક્ષ રાજ્યની ૧,૮૦૦ શાળાઓએ ફી નિર્ધારણ અંગે હજુ સુધી દરખાસ્ત કરી જ નથી. સુપ્રીમ કોર્ટે આવી શાળાઓને બે સપ્તાહનો સમય આપ્યો છે. જેથી આ શાળાઓની હવે ફી નક્કી થવાની છે ત્યારે હાલમાં કોઈ વાલીઓએ આ શાળાઓની ફી નક્કી ન થાય ત્યાં સુધી ફી ભરવાની રહેશે નહીં તેમ વાલી મંડળે જણાવાયું છે.

ગુજરાતની ૧૮૦૦ શાળાઓએ ફી કમિટી સમક્ષ ફી નક્કી કરવા માટે દરખાસ્ત કરી ન હતી. આ મુદ્દો બુધવારે સુપ્રીમ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન રજૂ થયો હતો અને ત્યાર બાદ સુપ્રીમ કોર્ટે જે શાળાઓએ હજુ સુધી કમિટી સમક્ષ દરખાસ્ત કરી નથી તેમને દરખાસ્ત કરવા માટે બે સપ્તાહનો સમય આપ્યો છે. ત્યાર બાદ બીજા બે સપ્તાહમાં કમિટી પોતાની કામગીરી પૂર્ણ કરી આ શાળાઓની ફી નક્કી કરશે. આમ, સંભવત એક મહિનામાં આ તમામ શાળાઓની ફી નક્કી થઈ જશે. આ મુદ્દે વાલી મંડળના નરેશ શાહ અને ભાવિક વ્યાસે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં વાલીઓની જીત થઈ છે અને હવે જે શાળાઓએ કમિટી સમક્ષ દરખાસ્ત નથી કરી તે શાળાઓએ પણ બે સપ્તાહમાં દરખાસ્ત કરવાની રહેશે. જેથી આ શાળાઓની પણ હવે ટૂંક સમયમાં ફી કમિટી દ્વારા ફી નક્કી કરવામાં આવનાર છે ત્યારે વાલીઓએ આ શાળાઓમાં હાલમાં કોઈ પણ ફી ભરવાની રહેશે નહીં. જ્યાં સુધી આ શાળાઓની ફી નક્કી ન થાય ત્યાં સુધી વાલીઓએ ફી ભરવી નહીં. જ્યારે ફી કમિટી આ શાળાઓની ફી નક્કી કરશે ત્યાર બાદ જ વાલીઓએ ફી ભરવાની રહેશે. સમગ્ર રાજ્યમાં ૧૮૦૦ શાળાઓ એવી છે કે જેમણે હજુ સુધી ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી નથી. જેમાં અમદાવાદની ૧૭૫ શાળાઓનો પણ સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદ જિલ્લાની ૭૭ પ્રાથમિક શાળાઓએ હજુ સુધી ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી નથી. જ્યારે અમદાવાદ શહેરની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની મળી કુલ ૫૨ શાળાઓ અને ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની ૪૬ મળી ૧૭૫ શાળાએ હજુ સુધી ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી નથી.

આર જી - ઍસ બી પટેલ સ્કૂલ દ્વારા મુંદ્રા પૉર્ટની મુલાકાત

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર જી પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨ ઉની વિદ્યાર્થિનીઓ માટે મુંદ્રા પૉર્ટની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫૨ વિદ્યાર્થિનીઓ અને ૮ શિક્ષકો આ પ્રવાસમાં જોડાયા હતા. તેમણે અદાણી પાવર, અદાણી કૉમર્શિયલ પૉર્ટ, અદાણી વિલમાર લિમિટેડ અને અદાણી કાર્બન લિમિટેડની મુલાકાત લીધી હતી. કંપની તરફથી પ્રત્યેક મુલાકાતીને એક તેલની બૉટલ, ટીશર્ટ અને ટોપી ભેટમાં આપવામાં આવી હતી. આચાર્ય સુધાબેન પટેલ અને સુપરવાઈઝર રમેશભાઈ જી પટેલ પણ આ પ્રવાસમાં જોડાયા હતા. સમગ્ર પ્રવાસ કાર્યક્રમનું સંચાલન નારણભાઈ બારોટે કર્યું હતું.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લી જિલ્લામાં સેવાકાર્ય

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અરવલ્લી જિલ્લાના જાભચિતરીયામાં ૧૨૮ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા તથા અણસોલમાં ચોખા સાથે ચ્હા, છત્રી, કાપડ વિગેરેનું વિતરણ ૧૫ લાભાર્થીઓને કર્યું હતું. ત્યારબાદ અંતરિયાળ વિસ્તારની ખાખલધરા, બોરનાલા, રાનીઓડ, જાભ વર્ગ તથા નવાપાલ્લા વિસ્તારની પ્રાથમિક સ્કૂલમાં પ્રત્યેક વિદ્યાર્થીને કપડાં, સ્લીપર, પૅન્સિલ, બૉલપૅન, દફતર અને નાસ્તો સંસ્થા તરફથી આપવામાં આવ્યો હતો. સમગ્ર દિવસ ચાલેલા આ સેવાકમમાં શ્લોક ઘાટે, અક્ષત ભૂતયાની, મિલિન્દભાઈ અને ભીમજીભાઈ જોડાયા હતા.

સ્મોકિંગના કારણે બગડેલાં ફેફસાં માટે થેરપી શોધાઈ...!!

ગાંધીનગર, તા. ૧૨

લાંબા સમયથી જે લોકોને સિગારેટ પીવાની આદત હોય અથવા તો અન્ય કોઈ પણ કારણસર ફેફસાંની કાર્યક્ષમતા ઘટવા લાગી હોવાની ક્રોનિક ઑબ્સ્ટ્રેક્ટિવ પલ્મનરી ડીસીઝ થયો હોય તો તેમને શ્વાસ અંદર લેવામાં મુશ્કેલી પડે છે. આ સમસ્યા દિન-પ્રતિદિન વકરતી જ રહે છે. આ સમસ્યા ધીમી પાડી શકાય છે, પરંતુ સંપૂર્ણપણે મટાડી શકાતી નથી.

તાજેતરમાં અમેરિકાના નિષ્ણાતોએ ખાસ સ્ટેમસેલ થેરપી શોધી છે, જે સ્મોકિંગ કરવાના કારણે થયેલી ઝૅંઢની સમસ્યામાં અસરકારક બની શકે છે. પ્લેરિક્સેફર નામની દવા લેવાથી અસ્થિમજ્જામાંથી વધુ માત્રામાં ખાસ સ્ટેમસેલ્સ પેદા થાય છે. આ દવાથી લોહીના કેટલાક કેન્સરની સારવાર પણ થાય છે.

શ્રી સ્વામિનારાયણ પોલીટૅકનીક ખાતે મોટીવેશનલ સેમિનારનું આયોજન કરાયું

આજના ઝડપી યુગમાં વિદ્યાર્થીઓ પર વધતા જતા માનસિક તણાવને દૂર કરવા માટે તેમજ જીવનના પડકારોને સક્ષમ રીતે સામનો કરવા માટે શ્રી સ્વામીનારાયણ પોલીટૅકનીકમાં ખ્યાત વક્તા અને મોટિવેશનલ સ્પીકર પાર્થ કોટેચા દ્વારા મોટિવેશનલ સેમિનાર વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સંસ્થાના પ્રિન્સિપાલ ધર્મેશ વંડરા, ઍકેડેમિક ડિરેક્ટર ભાવિક શાહ, તમામ પ્રૉફેસર અને સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનાર દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં સફળ કારકિર્દી બનાવવા અને આગળ વધવા પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

પ્રારબ્ધ અને પ્રયાસોની વચ્ચે પીડિત સજીવ સૃષ્ટિ !

આવતીકાલનું એક રહસ્ય સદાય આપણા બધાની સામે હજી અકબંધ રહ્યું છે. આજનો સૂર્યોદય થયો કે ખબર પડી કે હજી અસ્તિત્વનો જંગ અટક્યો નથી અને જીવન સંઘર્ષ બાકી છે. આ સમગ્ર સૃષ્ટિ માટે લાગુ પડતી બાબત છે. આવનારી ક્ષણ શું લઈને પહોંચશે તેની ખબર પડતી નથી. કરોડો ખર્ચ કરો તો પણ વિતેલો સમય જીવનમાં કદી પણ ફરીથી પ્રાપ્ત થતો જ નથી. માટે વિતેલાં સ્મરણો કે સમયની યાદ ઘણી વખત દિલને દિલાસો યા અશ્રુઓ ભેટમાં દઈ જાય છે.

પ્રત્યેક માણસ વર્ષોમાં નહીં, પોતાનાં કર્મોથી જીવે છે. જિંદગી લાંબી નહીં, મોટી હોવી આદર્શ છે. અબિલ-ગુલાલનાં છાંટણાં જ હોય, તેનાથી સ્નાન ન હોય. જીવનમાં દરેક પરિવાર યા સભ્યો હંમેશાં દ્વિધા જરૂર અનુભવે છે કે આટલું આટલું કર્યું તોય શાંતિ-સુખ કે તૃપ્તિ અમને મળ્યાં નહીં. સમાજનો આ અસંતોષ પ્રતિદિન વધતો જાયછે. અતૃપ્તિ કે અસંતોષનાં ઘણાં કારણો હોઈ શકે છે અને એ બધાંનાં પોતીકાં હોય છે. તેમ છતાં વૈચારિક વારસામાં આપણને બે આદર્શો મળેલા છે તે મુજબ જોઈએ તો એક, હંમેશાં કર્મ કરતાં રહો. બીજું, પ્રારબ્ધમાં હશે તો જરૂર પ્રાપ્ત થઈ જશે ! આપણે કર્મના કાયદામાં પૂર્ણ વિશ્વાસ ધરાવીને જિંદગીની સફરમાં આગળ જઈએ છીએ અને જ્યાં આપણી શ્રદ્ધા તૂટી પડે ત્યાંથી પ્રારબ્ધ ઉપર છોડીને હતાશ-ઉદાસ થઈ જતાં જીવન ભારરૂપ પણ લાગવા માંડે છે. હવે યક્ષ પ્રશ્ન એ છે કે આ પ્રારબ્ધ અને પ્રયાસોનાં બે પ ડની વચ્ચે બધા દળાઈ કેમ રહ્યા છે ? પોતાની સક્ષમતાનો પૂર્ણ ઉપયોગ કરવો, સમયે કરવો, પરિણામલક્ષી કરવો એ છે કર્મ. કર્મ કર્યા વિના જીવન પણ જીવી શકાતું નથી. કર્મ આ અર્થમાં બીજ છે અને તે ફળ અવશ્ય આપે છે. કર્મપ્રધાન વિશ્વ કરિ રાખા, જો જસ કરઈ સો તસ ફલ ચાખા...

આ ચોપાઈ રામાયણની છે. અર્થાત વિશ્વ પૂરું આ કર્મના સિદ્ધાંત ઉપર જ ચાલી રહ્યું છે. સંચિત કર્મો જલદીથી ફળ આપતાં નથી. કર્મ ના કરવું એ શક્ય જ નથી. કશામાં નહીં માનવું એ પણ માન્યતાનો હિસ્સો કહેવાય છે. ઈશ્વર મદદ અવિરત કરતા જ હોય છે, પરંતુ એ મહેસૂસ કરવાની દૃષ્ટિ અને સમજણ ઘણીવાર આપણી પાસે હોતી નથી. કર્મ અલેખે કે એળે કદી જાય નહીં. હવે કર્મ પછી

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ઈન્સ્ટન્ટ રિઝલ્ટની આશા રાખવી એ પીડિત થવામાં મહત્ત્વનું કારણ બની જાય છે. ઘણા લોકો શિક્ષિત હોવા છતાં કર્મમાં માનતા જ નથી. તેઓ માને છે કે નસિબમાં બધું જે હોય તે અવશ્ય સારું કે ખરાબ આવવાનું જ છે. પ્રારબ્ધમાં જ માની કર્મયોગ પડતો મૂકી દેવાથી જીવન જીવી શકાતું નથી. આ બેમાં કઈ બાબત સ્વીકારવી ? જેને પુષ્કળ પ્રાપ્ત થયું એ પણ કર્મ કરતા રહે અને જે વંચિત હોય છે એ થાકીને કર્મ છોડી ભાગ્યના ભરોસે બેસતા થઈ જાય છે. કુદરતે પક્ષપાત કે પૂર્વગ્રહથી પર રહીને જગત ઉત્પન્ન કર્યું છે. કર્મ કરો કે પ્રારબ્ધમાં માનો પરંતુ ઈશ્વર ઉપરનો કોઈ ભરોસો જ નથી તો કોઈ આશ્વાસન કદી ઉપલબ્ધ થવાની વાત જ રહેતી નથી. સંપત્તિ કે પૈસાથી જ ખુશીઓ બધી મળતી નથી, એ તો અંદરની ભીની અનુભૂતિ હોય છે. પ્રારબ્ધથી મળી જાય તો સારાં કર્મ વિના તેનો સુખદ આનંદ મળવો અતિ મુશ્કેલ છે. બરકત વિરાણીનો આ શેર સમજો -

નથી મેળવાતી ખુશી સંપત્તિથી
આ મોજાં રડીને કહે છે જગતને
ભીતરમાં જ મોતી ભર્યાં છે છતાંય
સમંદરનાં ખારાં જીવન થઈ ગયાં છે...

જે ઈશ્વરની શક્તિમાં વિશ્વાસ રાખે છે તે પ્રારબ્ધમાં પણ માને છે. છતાં એ કર્મ વિના ફળ આપવા સક્ષમ નથી હોતું. ઈશ્વર દેખતા નથી તેમ છતાં હજારો ધર્મસ્થાનો છે. ભરત વિંઝુડાનો શેર ખૂબ જ સચોટ છે -

જોવા મળ્યા નથી
કે નથી જાણવા મળ્યાં
ઈશ્વર અહીં બધાને
ફક્ત ધારવા મળ્યાં !

કર્મનું આયોજન વ્યક્તિ કરી શકે છે પરંતુ પ્રારબ્ધમાં આયોજન કુદરતના હાથમાં હોય છે. કર્મ સુંદર રીતે કરવું એ એક યોગ છે તો પ્રારબ્ધ નાપસંદ હોવા છતાં તેને હસીને ભોગવવું એ ઉમદા જીવનની ઓળખ છે. પ્રારબ્ધ એ કર્મફળનું જમા બૅલેન્સ જ હોય છે. પરીક્ષાલક્ષી તૈયારીના કર્મમાં સારું નસીબ હશે તો સારા ગુણ મળશે. માટે માત્ર પરીક્ષા આપવાથી કંઈ અર્થ સરતો નથી. જંગલમાં એક ઝાડ નીચે મદારી વિસામો કરવા સૂતો. બાજુમાં વાંસના કરંડિયામાં કાળોતરો ભૂખ્યો નાગ હતો. નાગના પુરુષાર્થમાં કશું થઈ શકતું ન હતું. એ પ્રારબ્ધની પીડામાં પડ્યો હતો. આ જ વખતે જમીનના એક દરમાંથી ઉંદર ભૂખ્યો કંઈક ખોરાકની શોધમાં બહાર નીકળી પુરુષાર્થ કરવા શોધ કરતો કરતો અંદર જેમાં ભૂખ્યો નાગ હતો તે ટોપલાને ખોલવા પ્રયાસ કરવા લાગ્યો કે અંદરથી કશું ખાવાનું મળી જશે. સમય જતાં કરંડિયો ખૂલી ગયો અને ઉંદર અંદર પેસવા ગયો અને નાગ એને પકડીને ગળે ઉતારવા લાગ્યો. હવે નક્કી આપણે કરવાનું રહે છે કે આ વાત આપણા રોજિંદા જીવમાં કેટલી લાગુ પડે છે. કઈ ચીજ, ક્યારે, શા માટે, કઈ રીતે, કેટલી સુખદ યા દુખદ સાબિત થશે તેનો જવાબ આપણી પાસે હોઈ શકતો નથી. ઉત્તમ કર્મ કરી ઈશ્વરને ત્યાં જમા કરાવી, પ્રારબ્ધ ભોગવવું એ શ્રદ્ધા છે.

શેર આસ્વાદ

શીશા બહુત
કમજોર હોતા હૈ
મગર સચ દિખાને સે
ઘબરાતા નહીં !